નમસ્કાર ગાંધીનગર

પમરાટ

દિવસભર રખડ્યા કર્યું
આ ગલી થી પેલી ગલી
આ દુકાનથી પેલી દુકાન.
પણ ના એની ભાળ મળી.
બાંધછોડની ટેવ રાખી
રૂપિયા પૈસાની છૂટ રાખી
પણ ક્યાંય ના જોવા મળ્યું,
એ બહુ જરૂરી જોઈતું યંત્ર.
હા! હું શોધુ છુ,
મનના આ મહાસાગરમાં,
હાલક ડોલક થતા આ નાવડાને
રાખે કાબુમાં એવું કોઇ હોકાયંત્ર.

- રેખા પટેલ (વિનોદીની)

પાથેય

- રમેશ ઠક્કર

લયબધ્ધ કરતી ઘટનાઓ...

જીવનમાં નાના નાના અંતરાલની પણ એક મજા હોય છે..આકાશની માફક મનની પણ વિવિધ છટાઓ હોય છે..વિધવિધ મુડઝ હોય છે..આને પીછેહઠ ના કહેવાય..વિફળતા પણ ના કહી શકાય..આ એક મનઃસ્થિતિ છે જે પ્રલંબ આપણા પ્રયાસોનો એક અનિવાર્ય આયામ ગણી શકાય..અંગ્રેજીમાં એને "હાઇબરનેશન" કહે છે..એના માટે કોઇ ચોટડૂક શબ્દ નથી..ઓઝલ થઇ જેવું એવું કદાચ કહી શકાય..પરંતુ આ સ્થિતિ હતાશાના પ્રતિઘોષ જેવી હોય છે..તમારા રોજિંદા જીવનમાં અથવા તમારા શોખમાં રૂકાવટનો જે ભાવ અનુભવાય છે એ જુદી વાત છે...

જીવન એક લય છે..રીધમ છે.એમાં એકધારી સુરાવલીઓ ચાલતી નથી..થોડોક થડકાર..ક્યારેક શાંત પળો અને પછી પકડાતો મુળ લય એની પણ એક મજા હોય છે..મુળભુત રીતે અમે રણના માણસ..રણમાં અવિરત ચાલતું ઉંટ એની એકવિધ સફર પછી ક્યારેક બેસી પડે છે. એ ફસકાઇ જતું હોય એવું પણ લાગે...આપણને એમ લાગે કે હવે ખલ્લાસ..એ ચાલી જ નહી શકે..પરંતુ એનો લબડતો હોઠ એના આશાવાદની દિવાદાંડી જેવો હોય છે..એની ખૂંધમાં વોટરટેક હોય છે..એનો એ રીલેક્ષ મૂડ રણને પછી નવી તાજગીથી તરબતર કરી જાય છે..દરેકને પોતાની એક ક નોળવેલ હોય છે..હિંમતનું હોકાયંત્ર હોય છે જે તમને ફરી તમારાં મુળ પદચિન્હો તરફ પાછા લઇ જાય છે.

કદીક? કદીક નિરાંત ખોડંગાઇ થતી હોય છે.એને ફરીથી ચાર્જ કરવી એટલી આસાન હોતી નથી.અલબત લખવું વાંચવું કે કોઇપણ શોખ એ નવરાશનો મોહતાજ હોતો નથી...એ તમારો આંતરિક આવિષ્કાર હોય છે...પરંતુ અટકી જવાની આ અકળામણ એ પણ એક મહત્વનો પડાવ હોય છે..વાચન પણ એક ભુખ છે..જે સહજ લાગે એની મજા હોય છે..સતત વાંચવાનો એક અનહદ આનંદ હોય છે..તદ્રુપ અને તન્મય થઇને વાંચવું એ કોઇ સમાધીથી કમ નથી..એકાદ ઉપવાસ કે એકટાણું આપણી બુભુક્ષાને ધાર આપે છે. એટલે જ મબલખ વાચનવૈભવ વચ્ચે ક્યારેક આમ અટકી જવું એ પણ સાત્વિક ઉપવાસ જેવું હોય છે..મને જ્યારે કોઇ નવું પુસ્તક મળે છે ત્યારે એક નવો રોમાંચ મને ઘેરી વળે છે..એના સ્પર્શમાત્રથી હું ઝંકૃત થઇ જતો હોઉં છું.. નજર કે સામને જિગર કે પાસ શ્વસી રહેલાં આસજન જેવાં આ પુસ્તકો ક્યારેક આપણને લયબધ્ધ કરે છે એટલું નક્કી..!

સાપ્તાહિક રાશિફળ

(તા. ૨૬-૦૨-૨૩ થી ૦૪-૦૩-૨૩ સુધી)

જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

૧. મેષ રાશિ : (અ.લ.ઈ.)

આ સપ્તાહ સ્વાસ્થ્યની દૃષ્ટિએ નેત્રપીડા થાય. કૌટુંબિક કલેશ થાય. આર્થિક નુકશાન થવા પણ સંભાવના છે. મિત્રો વડીલો દ્વારા લાભ થાય. ધંધા-નોકરીમાં પણ લાભ થાય. આપનો ક્રોધ ગુસ્સો આવશે. વિચાર્યા વગર કાર્યો ન કરવા. લોકો સાથે વાદવિવાદ ન કરવા. નસીબ યાદી નહિ આપરે. પરંતુ જબરદસ્ત અતઃસ્ફુરણા થાય. નવું મકાન લેવાય. નોકરી મળે. મિલકત મળે. સ્થાવર મિલકત આવક થાય. ખર્ચ ધાર્યા કરતા વધશે.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહે સ્વાસ્થ્ય સુખાકારી સારી, ધંધા, વેપાર નોકરી કે કોઈ પણ કામમાં સફળતા મળે, માન સન્માન વધે. સ્વભાવ, વિચારોમાં પરિવર્તન આવે. મહેનતનું ફળ મળે. સારી વસ્તુની પ્રાપ્તી થાય. કુટુંબ કલશ થાય. ધંધામાં થોડી મુશ્કેલી સ્થળાંતર થાય. પરદેશ જવાના યોગ છે. ખર્ચ વધારે થાય. કૌટુંબિક પ્રશ્નો ઉભા થાય. માંદગી અંગે સાવચેત રહેવું. છૂપા દુશ્મનથી બચવું. જાહેર કામોથી લાભ થાય. પરદેશગમન થઈ શકે. નોકરીમાં અડચણ. સ્ત્રી વર્ગ માટે સામાન્ય વિદ્યાર્થી માટે શુભ સમય.

૩. મિથુન રાશિ (ક.છ.ઘ.)

આ સપ્તાહ આર્થિક સંકડામણ અનુભવાય. કોઈ પણ કામ ધીમી ગતિએ થાય. વિઘ્ન - મુસીબત આવે. જો કે સરવાળે લાભ થશે. કુટુંબમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ. વિજય થાય, હરિફો પાછા પડે. ધંધા-વ્યવસાયમાં નવીનતા પ્રાપ્ત થાય. ભૂતકાળના રોકાણ હોય તો આવક થાય, સ્થાવર મિલકત કે મકાન લેવાના યોગ થાય. મુસાફરી મુલત્વી રાખવી. શેર મરાકટ રોકાણ ન કરવું. ભાગ્યોદય થાય જે સરવાળે લાભ આપે.જેથી સારી પ્રવૃત્તિની ઈચ્છા જાગે. વિદ્યાર્થીઓ માટે અવનવું પરિણામ આવે. નોકરિયાત માટે પ્રમોશન અને બદલી મળે.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ આપ મનથી શાંતિ અનુભવો. આરોગ્ય સુખાકારી સારી રહે. કોઈ પણ કામમાં વિઘ્ન-મુસીબત આવે, વિચારો અને સ્વભાવમાં શુભ પરિવર્તન આવે. લગ્નજીવનમાં આનંદ. સારી વસ્તુની પ્રાપ્તિ થાય. શારીરિક ઈજા અકસ્માતથી બચવું. ભાગ્યોદય થાય. પતિ કે પત્ની વચ્ચે કલેશ ઊભો થાય. મનદુઃખ કરાવે. ઘણીવાર માંદગીની અસર કરાવે. પરદેશ ગમન થાય. પરંતુ મુસીબતો આવે. ધંધા-વ્યવસાય સામાનય. મકાન, વાહન યોગ છે. નોકરીમાં બઢતી. વિદ્યાર્થી માટે ધાર્યુ પરિણામ આવે.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આ સપ્તાહ આરોગ્ય સુખાકારી સારી, તંદુરસ્ત રહેવાય. ખર્ચમાં વધારો થાય. ખુબ દોડધામ રહે. ભાઈભાંડુ સાથે મતભેદ. ધંધા વ્યવસાયમાં ભાગીદારી ન કરવી. દાંપત્યજીવનમાં સામાનય થાય. આકસ્મિક લાભ થાય. ધાર્મિક કાર્યોમાં ખર્ચ થાય. ભાગ્યોદયમાં અવરોધ આવે. ધંધા વ્યવસાયમાં નવા કામો મળે. જમીન, મકાન અંગે વિચારી શકાય. વિદ્યાર્થીઓ માટે શુભ, નોકરીમાં પ્રગતિ થાય.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ આપની આવકમાં અવરોધો આવે. આરોગ્ય સારું રહે. તમારે જમીન, સ્થાવર મિલકત કે પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રીત કરવું. રોકાણ કરી શકાય. ઘરકામ માટે સમય સારો, પરિવારમાં તણાવ માથાનો દુઃખાવો જેવી તકલીફ રહે. હાડકાનાં પ્રશ્નો પણ ઊભા થાય. દાંપત્ય સુખાકારીમાં વધારો થાય. ભાગીદારીમાં પ્રશ્નો ઊભા થાય. સંતાન ઈચ્છુક દંપત્તિએ સંતાન પ્રાપ્તિ થાય. ભાગ્યોદયમાં વધારો થાય.

૭. તુલા રાશિ (ર.ત.)

આ સપ્તાહ આપના મનમાં ઉદ્વેગ રહે. કામો પૂર્ણ કરવાનો તણાવ રહ્યા કરે. સંતાનના પ્રશ્નો ઊભા થાય. સંતાન સહકાર ન આપે. શેર માર્કેટથી દૂર રહેવું. મોજશોખમાં વધારો થાય.પરંતુ ખાણી પીણીમાં ધ્યાન આપવું. ધંધા-વ્યવસાયક્ષેત્રે નવીન કાર્યો થાય. સુખમાં વધારો થાય. નોકરીમાં શુભ સમાચાર પ્રાપ્ત થાય. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસ તથા અન્ય ક્ષેત્રે શુભ પરિણામ મળે.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સપ્તાહ આપને ઈન્ફેકશન કે વાયરલ જેવા રોગો થઈ શકે. હરિફાઈથી સાવચેત રહેવું. ધંધા-વ્યવસાયમાં હાનિ થઈ શકે. મિલકતમાં ફેરફાર ન કરવો. પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓએ કરેલ મહેનત બર આવે. મકાન વાહન વેચવા નહિ. સંતાનના પ્રશ્નનો નિકાલ આવે. સ્ત્રી વર્ગ માટે શુભ સમય.

૯. ધન રાશિ (ભ.ધ.ફ,ત)

આ સપ્તાહ શારીરિક મેદવૃદ્ધિ ન થાય તે જોવું અન્યથા પ્રશ્નો ઉપસ્થિત થાય. ભાઈભાંડુ સાથેના વિવાદથી પ્રશ્નો ઊભા થાય. નાની યાત્રા થાય. મકાન, વાહન સંપત્તિનો શુભ સમય છે. પરંતુ પારિવારિક સહકાર મેળવવો. માતાના આશીર્વાદ મેળવવા. સંતાન અંગે વિવાદ થાય. ખર્ચ કરાવે. નોકરીમાં સાથી કર્મચારીઓથી લાભ મળે. વિદ્યાર્થી માટે સમય પ્રતિકૂળ હશે. સ્ત્રી વર્ગ માટે સમય સાનકૂળ.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ સપ્તાહ આપને આવક-જાવકમાં ખેંચતાણ થાય. કૌટુંબિક વિવાદ ચરમસીમાએ પહોંચે. તબિયતની કાળજી લેવી.પિતાથી લાભ પ્રાપ્ત થાય. નોકરીમાંથી સંભાળવું. મુસાફરી ખર્ચ. મકાન, વાહન સુખ વૈભવમાં ઉણપ. અવિવાહિતને લગ્ન યોગ થાય. પરદેશ મુસાફરી થાય. દાંપત્ય સુખાકારી સારી. સ્ત્રી વર્ગ માટે વિરહ થાય. વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસમાં લાભ.

૧૧. કુંભ રાશિ (ગ.સ.શ.ષ.)

શરીરમાં વાયુ પ્રમાણ વધે. વિચારવાયુ થાય. ધંધા વ્યવસાયમાં સારો લાભ મળે. મકાન,વાહન, સંપત્તિમાં સમય જોઈ નિર્ણય લેવો. સંતાનને નોકરીમાં બદલી કે બઢતી મળે. લે-વેચમાં છેતરપીંડી ઊભી થાય. આળસ ત્યજવી જીવનસાથીની તબિયતની કાળજી લેવી. વિદ્યાર્થીઓ માટે કઠીન પરિશ્રમનો સમય છે. સ્ત્રી વર્ગ માટે પહેલું સુખ તે જાતે નર્યા. ધર્મ-ધ્યાન કરવું.

૧૨. મીન રાશિ (દ.ચ.ઝ.થ)

આ સપ્તાહ આપે સ્વાસ્થ્ય જાળવવું, જો કે સમય મોજશોખ તેમજ અન્ય કામમાં વધુ વેડફાય. ધાર્મિક કાર્યો કરવા. દાનધર્મમાં ખર્ચ થશે. આવકના સ્રોત સ્થગિત થવા શક્યતા છે. મકાન, વાહન, વગેરેમાં ખર્ચ થાય. નવા આયોજનથાય. સ્થાવર, જંગમ મિલકતમાં કોઈ દાવેદાર ઊભા થાય. સ્ત્રી વર્ગ માટે સમયસુભ નથી. શેરબજારમાં રોકાણ થાય. વિદ્યાર્થીઓ માટે સફળતા પ્રાપ્તિનો સમય. નોકરિયાત માટે પગાર વધારો થાય.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

આ બારાખડીની બહાર નીકળાય ખરું ?

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

આજે ચંદ્રભદ્રના ગાંધીનગરના પ્રવાસનો છેલ્લો દિવસ હતો. જે જે મહાપુરુષોને મળ્યા તેમની યાદ આવે ત્યારે ક્યારેક થાકનો અનુભવ થતો હતો. બધા આવા નથી પણ નિરંજને જાણે વેર લેવા માટે વિશિષ્ટ નમુનાઓની જ મુલાકાત કરાવીને ચંદ્રભદ્રને ધન્યતા આપવાનો પ્રયત્ન કર્યો હતો. અથવા આ નગરા વિશે રોમાંચ જાગે કે ચંદ્રભદ્ર એકલા બેઠા હોય ત્યારે આ બધા પાત્રો અને એમના સંવાદોની યાદ આવે તો પણ ચંદ્રભદ્ર 'માનસિક સ્થિરતા' પામી શકશે એવી એમને શ્રધ્ધા ઉભી થઈ છે. ઘણી વખત તો સરકારી અને અસરકારી એવું બોલતાં બોલતાં ચંદ્રભદ્ર હરખાઇ જતા જોવા મળે છે.

ચંદ્રભદ્ર એ વાતને નકારી રહ્યા છે કે સરકારી માણસો જુદા હોય છે, બધા લોકો આ જ ગુજરાતી સમાજમાંથી આવે છે. ખાલી કોઇ વિક્ષિપ્તચંદ્રને કે ખટપટચંદ્રને કે નરાર્ધચંદ્રને કે દલીલેશ્વરીને મળવાથી ખ્યાલ આવે છે કે મનુષ્યને સત્તા કે સત્તાભાસથી કેવા કેવા પ્રકારના વિકારો જન્મે છે.

આજે તો સવારથી જ નિરંજનને ઘેર અનેક મિત્રો આવી આવી ચંદ્રભદ્રને મળી રહ્યા છે. કોઇ સમજાવી રહ્યા છે કે આ નગરમાં પ્રાણીસંગ્રહાલય કેમ નથી ? તો ઘણા એવી પણ વાત કરી રહ્યા છે કે જુની ઓફિસો મેન્ટલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં હતી, એનો વારસો સહેલાઈથી વિસરાઇ ના જાય એના માટે મહેનત કરવી જોઇએ. એકજણે તો એવું પણ કહ્યું કે 'અહીં સાહિત્યકારોની સંખ્યા પણ સારી છે અને પુષ્કળ પુસ્તકો પ્રગટ થઈ રહ્યા છે.' ખાલી સરકારી માણસ બની ઇર્ષ્યા કરવી એના કરતાં સાહિત્યકાર બનીને ઇર્ષ્યા કરવાથી વેલ્યુ-એડીશન થાય છે. ખોડભાઇએ તો આઉટસોર્સીંગથી ઇર્ષ્યા કરવા પણ માણસો રાખ્યા છે. જગતના મેનેજમેન્ટના તજજ્ઞો 'ડેલીગેશનની કલા' કહેતાં સત્તાસોંપણીના નૂતનતમ સ્ટાર્ટ-અપનો અભ્યાસ કરવા આવી રહ્યા છે. ચંદ્રભદ્રને દૈત્યદુર્લભ દંભના જે ઉદાહરણ જોવા મળ્યા એનાથી એમની ઇચ્છા તો સિગ્મણ્ડ ફ્રોઈડને મળવાની ઇચ્છા હતી પણ એ આવા સુવર્ણયુગમાં ઉપલબ્ધ ન હોવાથી ચંદ્રભદ્ર 'લોકલી' વિકસતી આ પ્રજાતિના પરીક્ષણો કરવાનું ચાલું કર્યું છે. ઇર્ષ્યા અને દંભના સંમિશ્રણથી અદભુત પરિણામો જોવા મળે છે. ડાબા હાથે અરજીઓ લખવી અને કોઇ હેરાન થાય તો તેનાથી સુખા લેવું એવા અનેક સંસારી સુખોની એક આખી માયાનગરી આ નગરમાં વસે છે. વળી ખોડભાઇ ખોતરકામથી પ્રેરિત થઈને તીડ-પીડ ન્યાયે નવા જ દુઃખો પેદા કરવાની નાની ફેક્ટરીઓ પણ ઉભી થયેલી છે.

એક તદ્દન ભોળા લાગતા કર્મચારીએ જ્યારે તીડ-પીડ ન્યાયની વાત કરી ત્યારે ચંદ્રભદ્ર બોલ્યા; 'વાત એમ છે કે જેમ તીડ પડે તો પાકનો નાશ થાય એમ છુપી રીતે પીડા આપનાર લોકો પોતાના માટે બંધ મગજમાં ખુલ્લા મેદાનો ઉભા કરી એક નવા સ્ટાર્ટ-અપ જેવા વાતાવરણને જન્માવે છે. આમાં કે'તો'તો અને કે'તી'તી જેવી સાવ ભારતીય ટેકનોલોજીની મદદથી લક્ષ્યવેધ કરવામાં અર્જુન જેવી સફળતા મળે છે. ચંદ્રભદ્ર આ નૂતન સાહસોની કથાઓ સાંભળી મનમાંને મનમાં હરખાય છે. પોતાને કેટલી બધી મઝા આવી છે એનું પુરું વર્ણન નહીં લખી શકવા બદલ થોડો ક્ષોભ પણ અનુભવે છે. પણ જો તમે કોઇ કાર્યક્રમ જોવા ગયા હો અને બધો સમય વિડીયો ઉતારવામાં વાપરી નાંખો અને પછી ઘેર જઈને એ જ વિડીયો વારંવાર જોયા કરો તો આવા કાર્યક્રમમાં જાવ છો શું કામ ? યુટ્યુબ ઉપર જુઓ, ઓનલાઈન જુઓ. પણ તમે ગયા તો જે સ્થિતિ છે એમાં પડેલા મનોરંજનને માણો.... આ માનસિકતાને કારણે એવી અનેક બાબતો હતી જેના વિશે ચંદ્રભદ્ર વાત કરી શક્યા હોત, ડાયરી લખી શક્યા હોત. પણ એમને નક્કી કર્યું કે 'મારે પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરવો છે. ભગવાને માણસ જાતને કેટલીક વિલક્ષણતાઓ આપી છે એ જો છુટક છુટક કે જથ્થાબંધ આવી રીત વિવિધસ્વરુપે જોવા મળતી હોય તો એને માણીને મમળાવવા જેવી કોઇ મઝા નથી.

ચંદ્રભદ્ર આજે પોતાના આખરી દિવસે કોઇને મળવા જવાના નથી પણ જે આવે એને મળવાના છે. ઓફિસમાં મળી નહીં શકેલા દલીલેશ્વરીના એક સહેલી સાહિત્યકાંક્ષિણી શબ્દદુઃખિતા મળ્યા. ચંદ્રભદ્રને જ્યારે ખબર પડી કે કોઇ સાહિત્યનો જીવ મળવા આવ્યો છે ત્યારે ઉત્સાહભેર હા પાડી. પણ પે'લા બહેન એમની નહીં લખાયેલી અને નહીં સંભળાયેલી એક નવજાત નવલકથાનો સાર સંભળાવવા માંગતા હતા. ચંદ્રભદ્રને આ એક વલણ અને વળગણ બન્ને જોવા મળ્યા. દરેકને કંઈક સંભળાવવું છે. આવા લોકોને કોઇને કોઇ માણસ ઓફિસમાં સાંભળે તો આવા વિઘ્નો ટળે. પણ આટલું મોટું કામ કોણ કરે ? કોની પાસે સમય છે.

ચંદ્રભદ્ર કેટલાયે સમયથી ક-રોડ ઉપર કરોડનો દુઃખાવો ના થાય એ રીતે સ્કૂટર ચલાવી રાતના ખુલતી અને ખીલતી લારીઓ પર જવાની ઇચ્છા ધરાવતા હતા. પણ દિવસ દરમ્યાન જ લારી વગર લારી જેવું અને સ્ટ્રીટફૂડ જેવું સ્વાદિષ્ટ કાનનાં ભોજન પામ્યાનો અપાર આનંદ છે. ચંદ્રભદ્ર નિરંજનને ખખડાવતા ના હોય એ રીતે ખરાબ સમાચાર આપતા હતા. 'મને આ બારાખડીની રમતમાં મઝા આવી છે, ઝીરો જેવાં સર્કલો મને ખુબ પ્રેરણા આપી ગયા છે. બસસ્ટેન્ડ ઉપર આઠવાગ્યાની ઘ-રોડની બસ કેટલા વાગ્યે જશે ? જેવા પ્રશ્નોથી માંડીને 'યુનો'ની ઓફિસ ગિફ્ટસીટી પાસે રાખવી કે કોબાસર્કલ પાસે જેવી વાતો સાંભળવા મળી છે.

છેલ્લે ચંદ્રભદ્રે લખ્યું, 'નીલ આર્મસ્ટ્રોંગ નામના માણસની અટકમાં જ સ્ટ્રોગ હોવા છતાં ચંદ્ર ઉપર ટક્યો નહોતો. પણ મારા નામમાં આવેલા ચંદ્રના પ્રભાવથી પ્રાપ્ત કરેલી શીતળતાને કારણે હું આ નીલગાયો અને બારાખડીના વન-ઉપવનમાં યથાશક્તિ યથામતિ ફર્યો છું, પણ એટલું જ કહેવાનું કે આજે અટકું તો પણ બારાખડીની બહાર જવાની તાકાત નથી, એટલે આ યાત્રાને અલ્પવિરામ જ ગણજો, મારા વ્હાલા !!!!"

સત્યતાથી જ શાશ્વતતા સુધી પહોંચી શકાય...

પમરાટ
મિત્તલ પટેલ

સત્ય કઠોર હોય છે, કડવું હોય છે, તેનો રસ્તો કઠિન હોય છે. પણ કંઈક શાશ્વત પામવું હોય તો આ માર્ગ દ્વારા જ મળી શકે છે. બાકી સરળ રસ્તા તો બધા ક્ષણિક સુખ અને માત્ર ઉછાંછળા ભાવ જ આપે છે. તમારો અંતરઆત્મા તમને જે દિશા બતાવે તે જ શ્રેષ્ઠતાની ટોચ સુધી તમને લઈ જાય છે. અમુક વાર વ્યાજબી કારણ ન પણ લાગે, મગજ સાથે સંઘર્ષ કરવો પડે, મગજ સતત તેનો વિરોધ કરે, પણ મહત્વના નિર્ણય લેતી વખતે માત્ર હૃદયનું જ સાંભળજો. તે ક્યારેય ખોટા નિર્ણય નહીં લેવા દે.

વહેંચી લઈશું સુખ દુઃખ ચલ ને...
હું આપીશ સદ્વિચારો, તું આગળ વધજે.
ઓળખ પત્રની ક્યાં જરૂર પવન ને...!!
હું પાંખો બનુ.... તું આકાશ ખૂદજે....ચલ ને....

એવરેસ્ટ આરોહણ કરતી વખતે કંઈ કેટલીય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.પણ જેનું લક્ષ્ય એવરેસ્ટ ચડવાનું હોય તે ક્યારેય ટેકરીઓ ચઢીને સંતોષ માની લેતા નથી. ઉપક્રમ કોઈપણ હોય, ધ્યેયનિષ્ઠા તેમની છોડતા નથી. "નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન" . છાશવારે જેમનાં ધ્યેય બદલાતાં હોય, પોતાની સવલત પ્રમાણે રસ્તાઓ બદલાતા હોય, ત્યાં કંઈક શાશ્વત અને શ્રેષ્ઠ મેળવવાની આશા રાખવી વ્યર્થ છે. આ માટે તો પોલાદી મનોબળ કેળવવું પડે. કંઈ કેટલાય વાવાઝોડાઓ સાથે બાથ ભીડવી પડે. સાચાં માટે હજાર સામે ઊભું રહેવું પડે તો એ ઉભું રહેવાની તાકાત કેળવવી પડે. અને તે એક્ચ્યુલી આપોઆપ આવી જાય છે, જો તમારે નિયત અને નીતિ સ્પષ્ટ અને ચોખ્ખી હોય તો.

કંઈ વસ્તુની "પરવા ન કરવી" તે આવડી જાય ને તો ઘણી બધી અડચણનો માનસિક સ્તર પર જ ડીલીટ થઈ જાય છે. જેની વૈચારિક શક્તિ જ નિમ્ન હોય તેમનાં આપણા માટેના ઓપિનીયનને સર આંખો પર ચડાવવાની મૂર્ખામી કદાપી ન કરવી. તે તેમના મગજની નીપજ છે તે ગળે. આપણે આજુબાજુથી જે સારપ છે તે જ લેવાની. બાકી બોર ખાઈ ઠળિયો ફેંકી દઈએ તેમ ફેંકી દેવાની. નહિતર મનમાં અમળાયા કરે.

કવિ શ્રી દલપતરામની કવિતા તો તમને યાદ જ હશે...
કરતાં જાળ કરોળિયો,
ભોંય પડી પછડાય....
વણતૂટેલે તાંતણે ,
ઉપર ચડવા જાય....

કંઈ કેટલાય તાંતણા ભેગા કરી કરોળિયાની જેમ જ ધીરજથી ચકલી પોતાનો માળો બનાવતી હોય છે. એક એક તણખલું ખૂબ જ ધીરજથી ચાંચમાં ભેરવી લાવી, ભેગા કરી હૃદયની સૂઝબુજ મુજબ પોતાનો રહેવાસ બનાવે છે. તડકો, છાયડો, વાંછટ સામે રક્ષણ કાજે તે હુંફરૂપી માળો ચણતી હોય છે. આવી જ રીતે માણસે અનિતીના તડકા, છાયા, વાંછટથી બચવા પોતાની સ્વ મહેનત અને નીતિરૂપી માળાને ચણવાનો હોય છે. જે જીવનભર તમને રક્ષે છે. તમારું "સ્વ" પોતને ઉજળું રાખે છે. હિંમત હારવાની તૈયારી હોય ને અજવાળું પ્રગટે એવું પણ થાય. ધીરજની કસોટી તો ઈશ્વર અવારનવાર લેતો જ રહે છે. તમારી કસોટીઓ થોડી વધારે છે કારણ કે ઈશ્વર તમારામાંથી શ્રેષ્ઠતમ બહાર કાઢવા ઈચ્છે છે. તમને બધાં કરતાં વધુ શ્રેષ્ઠ આપવાની મહેચ્છા છે. બધું જ સારું સારું જ હોય ત્યારે ક્યારેય તમારી ભીતર અંકુરિત થતું બીજ બહાર આવી શકતું નથી.

રસ્તા પરના બેરિયર તમને ખોટાં રસ્તાથી ડાઈવરજન આપી , સાચાં રસ્તા તરફ વળવાનું સૂચવે છે. "આત્મશ્રદ્ધા" નાં અજવાળાથી જીવનને દોરતા રહીએ તો, સાવ સહજ તમે પ્રસન્નચિત્તે આગળ વધતાં રહેશો. મુશ્કેલીઓ તમારી મનની શાંતિ અને સ્થિરતા ને ડહોળાવી નહીં શકે. આખરે અંતિમ ધ્યેય તો આપણુ માનસિક શાંતિ અને કંઈક શાશ્વત પામવાનું જ હોય છે. જે મર્યા પછી આતમની સાથે જડાઈને આપણી સાથે આવે. નાશવંત વસ્તુઓ "મેળવી" શકાય છે. જ્યારે શાશ્વતને તો "પામવું" જ પડે છે.